એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૪ (નેગો.ઈ.એકટ કોર્ટ ), અમદાવાદ.

---

*ફોજદારી કેસ નંબર : ૫૮૬૭૬/૨૦૧૭*

*ફરીયાદી : ચોલમંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લી.ના*
*ઓથોરાઈઝડ પર્સન : રણછોડભાઈ પ્રભાતભાઈ દેસાઈ*

***વિરુઘ્ઘ***

*આરોપી : ૧. જયરામ ટ્રાન્સપોર્ટ કાં.*
*૨. જયરામભાઈ દેસાઈ – ઓથોરાઈઝડ સીગ્નેટરી*

***<u>આંક–૧ તળે હુકમ</u> :***

કેસનું રેકર્ડ વંચાણે લીઘું.

કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં, આ કામે ફરિયાદી ઘ્વારા આરોપીઓ સામે હાલની ફરીયાદ **તા.૮.૯.૨૦૧૭** ના રોજ ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ અદાલતમાં દાખલ કરવામાં આવેલ હતી. ત્યારબાદ, આ કામે રોજકામ જોતાં આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી મુદતે હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચલાવેલ નથી જેથી કેસ વિલંબમાં પડેલ છે. વઘુમાં આ કામે આંક–૫ થી ફરીયાદપક્ષે ફરીયાદી બદલવાની અરજી કેસના રેકર્ડ ઉપર રજુ થયેલ છે. જે અરજી લગત અત્રેની અદાલત ઘ્વારા ફરીયાદીને આ કામે મુદતે હાજર રહેવા નોટીસ કાઢવા છતાં તેઓ હાજર રહેલ ન હોઈ, અને કેસમાં ફરીયાદપક્ષની અનિયમિતતાને ઘ્યાને રાખી ફરીયાદી બદલવાની અરજી લગત રૂા. ૨,૦૦૦/– ( બે હજાર રૂપિયા પુરા ) કોસ્ટ પેટે દિન–૩૦ માં લીગલ સર્વીસ ઓથોરીટી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટર્સ, અમદાવાદમાં ભરવાનો હુકમ તા. ૧૧.૮.૨૦૨૩ ના રોજ અત્રેની અદાલત ઘ્વારા કરવામાં આવેલ છે અને તે શરતે ફરીયાદી બદલવાની અરજી ગ્રાહય રાખવામાં આવેલ છે. પરંતુ રેકર્ડ જોતાં, અત્રેની અદાલતના ઉપરોકત હુકમનુ પાલન પણ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વઘુમાં આ કોસ્ટ પેટેના હુકમ સામે ફરીયાદપક્ષે કોઈ રીવીઝન અરજી કરેલ હોય અને તેનો હુકમ મેળવી કેસના રેકર્ડ ઉપર લાવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. આ સિવયા ફરીયાદપક્ષે અન્ય કોઈ રજુઆત નથી. જેથી ફરીયાદીને તેમનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોવાનું ફરીયાદીની વર્તણુંક જોતા સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

વઘુમાં, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ઘાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ઘ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧.૨૦૧૦ નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કેસની કાર્યવાહી આગળ ઘપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર ઠરે છે. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરિયાદ ફરિયાદીની કસુરના કારણે રદ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની ફરિયાદ, ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે '' **રદ** '' કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૩મી, માહે –ફેબ્રુઆરી , સને ૨૦૨૪ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૨૩–૦૨–૨૦૨૪

**(પી. જે. ચૌઘરી )**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૪
અમદાવાદ (જીજે–૦૧૦૩૨)